ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા

# કચ્છ યુનિવર્સિટી

મુન્દ્રા રોડ, ભૂજ-કચ્છ. ૩૭૦ ૦૦૧.

ફોન નં.(૦૨૮૩૨)૨૩૫૦૦૨,

ફેક્સ નં. (૦૨૮૩૨) ૨૩૫૦૧૨

ઈમેઈલ-info@kskvkachchhuniversity.org

વેબ-kskvkachchhuniversity.org

રેફ.નં.: ક.યુ./એ.સી.મિનિટ્સ નોંધ/૨૦૦૯/ ૨૬૫-૨૮૧

તા.૦૬/૦૪/૨૦૦૯

પ્રતિ,

એકેડેમિક કાઉન્સિલના તમામ સભ્યશ્રીઓ તરફ,

...ડૉ. કે. શ્યામ. ત્રિવેદી.........,

......................................,

**વિષય :**– તા.૧૩/૦૩/૨૦૦૯ ના રોજ યુનિવર્સિટી કાર્યાલયે યોજાયેલ એકેડેમિક કાઉન્સિલની સભાની મિનિટ્સ નોંધ.

શ્રીમાન,

માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને તા.૧૩/૦૩/૨૦૦૯ના રોજ એકેડેમિક કાઉન્સિલની સભા યુનિવર્સિટી કાર્યાલય ખાતે બપોરે ૩–૩૦ કલાકે યોજાયેલ. આ સભાની મિનિટ્સ નોંધ આ સાથે સામેલ રાખેલ છે જે ધ્યાને લેવા વિનંતી.

આભાર સહ...

આપનો વિશ્વાસુ,

કુલસચિવ

## એકેડેમિક કાઉન્સિલના સભ્યશ્રીઓની યુનિવર્સિટી કાર્યાલયે તા. ૧૩/૩/'૦૯ નાં રોજ ૦૩:૩૦ કલાકે મળેલ સભાની મિનીટ્સ નોંધઃ

Krantiguru Shyamji Krishna Verma Kachchh University
Bhuj-Kachchh
370001

આજ રોજ તા.૧૩/૩/'૦૯ નાં રોજ બપોરે ૦૩:૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના કોન્ફરન્સ હોલમાં એકેડેમિક કાઉન્સિલની બેઠક માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ. જેમાં નીચેના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા. અધ્યક્ષશ્રીના અનુમોદનથી સૌ સભ્યશ્રીઓને આવકારી સભાની શરૂઆત કરવામાં આવી.

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હાજર / ગેરહાજર |
|---|---|---|
| ૧. | માન. ડૉ. કે. વી. ગોર, કુલપતિશ્રી | હાજર |
| ૨. | ડૉ. દર્શનાબેન ધોળકિયા | હાજર |
| ૩. | ડૉ. શ્રીધર રાજેશ્વરન | હાજર |
| ૪. | ડૉ. કે. એમ. ત્રિવેદી | હાજર |
| ૫. | ડૉ. તુષાર હાથી | હાજર |
| ૬. | ડૉ. ગીરીન બક્ષી | હાજર |
| ૭. | ડૉ. એમ.જી. ઠક્કર | હાજર |
| ૮. | ડૉ. પી.એસ. હિરાણી | હાજર |
| ૯. | ડૉ. બી.એસ. પટેલ | હાજર |
| ૧૦. | શ્રીમતિ પંડિત એસ.કે. | હાજર |
| ૧૧. | ખિયાણી હરીશ ટી. | ગેર હાજર |
| ૧૨. | શ્રી ઉદેશી પી.ડી. | ગેર હાજર |
| ૧૩. | ડૉ. દક્ષીણી જે. એચ. | હાજર |
| ૧૪. | શ્રી પી.એમ. ભટ્ટ | હાજર |
| ૧૫. | ડૉ. ડી. કે. પૈજા | હાજર |
| ૧૬. | શ્રી કે. એમ. પંડયા | ગેર હાજર |
| ૧૭. | શ્રી પ્રફુલ સી. શાહ | હાજર |
| ૧૮. | શ્રી આર. એસ. લુહાણા | હાજર |
| ૧૯. | કુતુબુદિન એસ. રાઠોડ | હાજર |
| ૨૦. | શ્રી એમ. એસ. રાઠોડ | હાજર |
| ૨૧. | ડૉ. નીતાબેન એ. ઠાકર | હાજર |

| | | |
|---|---|---|
| ૨૨. | શ્રી ટી. જે. મટાણી | ગેર હાજર |
| ૨૩. | શ્રી જે. એમ. પટેલ | હાજર |
| ૨૪. | શ્રી એસ. જે. મહેશ્વરી | ગેર હાજર |
| ૨૫. | શ્રી કમલેશ કે. બુદ્ધભટ્ટી | હાજર |
| ૨૬. | ડૉ. એસ. જી. ધર્માણી | હાજર |
| ૨૭. | ડૉ. એલ. વી. ફફલ | હાજર |

Krantiguru Shyamji Krishna Verma Kachchh University Bhuj-Kachchh 370001

**૧. ગત મિનિટ્સનું વાંચન અને બહાલી.**

ગત મિનિટ્સની બહાલી વખતે શ્રી પી.સી.શાહ, શ્રી એમ.એસ.રાઠોડ તથા શ્રી સૈફુદીન કુન્દનપૂરવાલા તરફથી મળેલ સુચનોને આધારે નીચેના મુદ્દાઓ ચર્ચવામાં આવ્યા.

૧. જૂના પેપર સેટ સિલેબસ બદલાય નહી ત્યાં સુધી ઉપયોગમાં લઈ શકાશે પરંતુ દરેક પરીક્ષા સમયે બે કે તેથી વધુ સેટ હોવા જોઈએ.

૨. ગત વર્ષ ગુજરાત યુનિવર્સિટી અનુસાર પેપર સેટના મહેનતાણાં ચૂકવવામાં આવેલ ત્યારે એકાઉન્ટ અને સ્ટેટેસ્ટીકસ વિષયોમાં પણ ગુજરાત યુનિવર્સિટી મુજબ પેપરસેટના ચૂકવણાં કરવા.

૩. જે અધ્યાપકે પરીક્ષક તરીકે જે તે વિષયમાં કામગીરી બજાવી હોય તે વિષયમાં તે અધ્યાપક મોડરેશન કરી શકશે નહી.

૪. શ્રી કુન્દપુરવાળાના પેપરસેટ કરવાના મુદ્દે તેમના દ્વારા તૈયાર થયેલ પેપરસેટ ટપાલમાં ટ્રાન્સીટ દરમ્યાન ગુમ થયેલ હોવાનું જણાય છે અને પરીણામે શ્રી કુન્દપુરવાળાએ તે પેપરસેટનું મહેનતાણું જતું કરેલ છે.

૫. અર્થશાસ્ત્ર વિષયમાં M.Phil. બાબતે અભ્યાસક્રમ ઘડાયો અને આ સભામાં રજૂ કરવામાં આવેલ તે બાબતે શ્રી રાઠોડ સાથે ચર્ચા થતાં તેમણે તે મુદ્દા તરફનો વાંધો પરત ખેંચી લીધેલ છે.

**૨. કર્મનિકેતન ટ્રસ્ટ સંચાલિત એસ.આર.કે. ઈન્સ્ટીટયુટ, સાપેડામાં ચાલતા B.B.A. / B.C.A./M.S.W./ M.L.W. ના ૨૦૦૭–૦૮ તેમજ ૨૦૦૮–૦૯ ના જોડાણ અંગે વિચારણા કરવા બાબત :–**

કર્મનિકેતન ટ્રસ્ટ સંચાલિત એસ.આર.કે. ઈન્સ્ટિટયુટ, સાપેડામાં ચાલતા BBA\ BCA\ MSW\ MLW અભ્યાસક્રમ અને સંસ્થાના જોડાણ બાબતે દરેક સભ્યને મોકલવામાં આવેલ નોંધ– દસ્તાવેજોના સંદર્ભે ચર્ચા વિચારણાના અંતે નીચે મુજબનો ઠરાવ સર્વાનુમતે કરવામાં આવ્યો.

ઠરાવ : ૧ ઉપર જણાવ્યા મુજબ દરેક સભ્યને મોકલવામાં આવેલ નોંધ તથા દસ્તાવેજોની સચ્ચાઈ અંગે ચર્ચા કર્યા બાદ આથી ઠરાવવામાં આવે છે કે, કર્મનિકેતન ટ્રસ્ટ સંચાલિત એસ.આર.કે. ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ અને કોમ્પ્યુટર એજયુકેશન ખાતે ચાલતા **BBA\ BCA** અભ્યાસક્રમ તેમજ એસ. આર.કે. ઈન્સ્ટીટયુટ ઓફ સોશ્યલ સાયન્સ ખાતે ચાલતા **MSW\ MLW** અભ્યાસક્રમના શૈક્ષણિક વર્ષ ૨૦૦૭–૦૮ તેમજ ૨૦૦૮–૦૯ ના શૈક્ષણિક વર્ષ માટે સંસ્થા જોડાણની શરતોનો ભંગ કરતી હોઈ દાત. નિયત ફીઝ થી વધુ ફીઝ લે છે, ડોનેશન લે છે, પુરતા શિક્ષક નથી વિગેરે.. તેમજ જોડાણની શરતોના પરિપાલન સંબંધી વિગતો ખોટી કે ગેરમાર્ગે દોરતી આપે છે. યુનિવર્સિટીએ માંગેલ માહિતી પણ આપતા નથી કે ખોટી કે ગેરમાર્ગે દોરતી માહિતી આપે છે તે સ્થિતિમાં શૈક્ષણિક વર્ષ ૨૦૦૭–૦૮ અને ૨૦૦૮–૦૯ ના શૈક્ષણિક વર્ષના જોડાણ માટે રાજય સરકારશ્રીને ભલામણ કરવી નહીં' તેવો એક્ઝિકયુટીવ કાઉન્સિલને અભિપ્રાય આપવો.

વધુમાં કર્મનિકેતન ટ્રસ્ટ સંચાલિત એસ.આર.કે. ઈન્સ્ટીટ્યુટના હાલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનું હિત જળવાય તે ધ્યાનમાં રાખીને એક્ઝિકયુટીવ કાઉન્સિલ નિર્ણય લે તેવું આ સભા ઠરાવે છે.

Shyamji Krishna Verma Kachchh University
Bhuj-Kachchh
370001

૩. બી.એસ.સી. –નર્સિંગ કોલેજ માટે અભ્યાસક્રમ નક્કી કરવા બાબત :

ઠરાવ: ૨ રજૂ કરવામાં આવેલ બી.એસ.સી.–નર્સિંગના અભ્યાસક્રમને શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૧૦ ના વર્ષથી મંજૂર રાખવામાં આવે છે.

૪. એમ.એસ.સી.–(સી. એ. એન્ડ આઈ.ટી.)પાંચ વર્ષનો ઈન્ટીગ્રેટેડ અભ્યાસક્રમ મંજૂર કરવા બાબત :

ઠરાવ: ૩ ડીનશ્રી, સાયન્સ ફેકલ્ટી તરફથી રજૂ કરવામાં આવેલ એમ.એસ.સી.–(સી. એ. એન્ડ આઈ.ટી.)ના પ્રથમ વર્ષના અભ્યાસક્રમને શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૧૦ના વર્ષ થી મંજૂર રાખવામાં આવે છે.

૫. ટી.વાય.બી.એ.નો અભ્યાસક્રમ મંજૂર કરવા બાબત :

ઠરાવ :૪ ટી.વાય–બી.એ.ના અભ્યાસક્રમ બાબતે સુધારા–વધારા જરૂરી હોય હાલ આ અભ્યાસક્રમની મંજૂરી માટેનો નિર્ણય મુલતવી રાખવામાં આવે છે.

૬. અર્થ એન્ડ એનવાયરનમેન્ટલ સાયન્સ અનુસ્નાતક અભ્યાસક્રમ ડીનશ્રી, સાયન્સ ફેકલ્ટી મારફત સુધારવામાં આવેલ છે તે બાબતે ચર્ચા વિચારણા અને નિર્ણય :

ઠરાવ: ૫ ડીનશ્રી, સાયન્સ ફેકલ્ટી દ્વારા અર્થ એન્ડ એનવાયરનમેન્ટલ સાયન્સ અનુસ્નાતક અભ્યાસક્રમમાં કરવામાં આવેલ જરૂરી ફેરફારોને શૈક્ષણિક વર્ષ ૨૦૦૮–૦૯ માટે ગ્રાહય રાખવામાં આવે છે અને સૂચવાયેલ ફેરફારોને મંજૂર રાખવામાં આવે છે.

૭. **અધ્યક્ષ સ્થાનેથી જે રજૂ થાય તે :–**

અધ્યક્ષ સ્થાનેથી નીચે મુજબના મુદ્દાઓ અધ્યક્ષશ્રીની અનુમતિથી રજૂ કરવામાં આવ્યા હતા.

Krantiguru Shyamji Krishna Verma Kachchh University
Bhuj-Kachchh
370001

૧) ડૉ. એસ.જી. ધમાર્ણીશ્રી તરફથી M.A. Part-1 Hindi Paper 4 માં ૧૪ માંથી ૭ વાર્તાઓ શૈક્ષણિક વર્ષ ૨૦૦૮–૦૯ થી અમલ કરવાની રજૂઆતના અનુંસંધાને ઉપર્યુકત પેપરમાં શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૧૦ થી અમલમાં લઈ શકાય. પરંતુ ૨૦૦૮–૦૯ થી અમલમાં લઈ શકાય નહિં તેવો નિર્ણય કરવામાં આવ્યો.

૨) શ્રી પી.સી.શાહ તરફથી ઇન્ટરનલ ગુણમાં ગ્રેસીગ આપવાની રજૂઆત થતાં નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

ઠરાવ :–૬ **આથી ઠરાવવામાં આવે છે કે, જો કોઈ વિદ્યાર્થી કોઈ એક હેડમાં ઇન્ટરનલ ફેઇલ હોય અને જો તે વિદ્યાર્થી એક્ષટર્નલનાં બધા હેડમાં પાસ હોય તો તેવા વિદ્યાર્થીને ઇન્ટરનલ ગ્રેસીગ (૩) ત્રણ માર્કસની મર્યાદામાં કરવું. આનો લાભ વિદ્યાર્થીઓને શૈક્ષણિક વર્ષ ૨૦૦૮–'૦૯ની માર્ચ–એપ્રિલ '૦૯ની પરીક્ષાઓથી આપવાનું વધુમાં ઠરાવવામાં આવે છે.**

અન્ય કોઈ મુદ્દો ઉપસ્થિત ન થતાં મિટીગ પૂર્ણ જાહેર કરવામાં આવી.

----ooo----

(Anil Gor)
REGISTRAR
K.S.K.V. Kachchh University
Bhuj - KACHCHH.